

હેલીપેડ ગ્રાઉન્ડના એક્ઝિબિશન સેન્ટર પર ખાદ્યખુરાક પ્રદર્શન ચાલી રહ્યુ છે. ખાણી-પીણીની વિવિધ ચીજવસ્તુઓના આ પ્રદર્શનમાં ૫૦ કિલો વજનની મોટી કેક આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. મોટી સંખ્યામાં વેપારીઓ અને સામાન્ય જનતા આ પ્રદર્શનની મુલાકાત લઈ રહ્યા છે.

## ચિલોડા મોટા ખાતે સામાજિક સમરસતા મંચ યાત્રાનું ભવ્ય સ્વાગત


સમાનતા એ જ મંત્ર સમાજમાંથી ઉંચનીચના ભેદભાવ મિટાવી ભાવાત્મક બંધુત્વનું નિર્માણ કરી સમરસ અને સંગઠિત બનાવવા સામાજિક સમરસતા મંચ દ્વારા ગુજરાતમાં ભ્રમણ કરનારી સમરસતા મંચ યાત્રાનું ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા રામજીમંદિર પાસે આગમન થતાં ગામના આગેવાનો, યુવાનો ભાઈ-બહેનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુંહતું. યાત્રા દરમિયાન ઉપસ્થિત ગ્રામજનોએ આરતીનો લ્હાવો અને પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## કૃષ્ણલીલામાં મન લાગી જાય તો જગત છૂટી જાય છે : પૂ. ગુરુમા

ગોકુળમાં કૃષ્ણના આગમનની વધામણીનું વાતાવરણ છે એજ સમકક્ષ સમદર્શન પણ ગોકુળસમ ભાસી રહ્યું...

નંદરાજાનો વૈભવ, ગોપ-ગોપીઓ ના હદયમાં ઊમડતો આનંદનો સાગર... પ્રકૃતિની પ્રસન્નતાનું વર્ણન... વાજીંત્રોનો નાદ... પંખીઓનો કલશોર... સમસ્ત ગોકુળમાં હીરા-મોતી-માણેકની છોળ... દાન-પુણ્ય... સ્વસ્તિવાંચન... આમ અનેક શુકનવંતી ગતિવિધી થી ગોકુળ ચિન્મય થયું. એ વાત પૂ. ગુરુમાના મુખેથી સાંભળવી લ્હાવો બની રહ્યું. અદભૂત થી ઉપર એ માહોલ નું વર્ણન ભાવિક હદયો ને છલકાવી હર્ષાશ્રુ સ્વરૂપે વ્યક્ત થતું રહ્યું...

ભગવાન ભોલેનાથની બાળ કનૈયાના દર્શનની જીદ સાથે માતા યશોદાની પુત્રવત્સલતાની ટક્કર...એ પ્રેમાળ નોકઝોક અને એમાંથી ઝરતી દિવ્યતાની શ્રોતાઓ એ જાણે સાક્ષાત અનુભુતિ કરી. વારંવાર આવતું




શિવ અને કૃષ્ણના અનન્ય પ્રેમનું વર્ણન સામાન્ય જનને ભગવાનના ભાગલાની વૃતિ માંથી બહાર નીકળવાનું ઈજન આપે છે.

પારણામાં ઝૂલતાં લાલની બાળસહજ નટખટ અદાઓની સાથે સાથે પૂતનાવધ – શકટાસૂર વધ – તૃણાવત્ વધ – બકાસુર વધની કથા સાથે પૂ. ગુરુમા જણાવે છે દરેક રાક્ષસ માણસની કોઈને કોઈ નબળાઈનું પ્રતીક છે. જેમ કે તૃણાવત્ લોભનું પ્રતીક છે. એ સ્થિર રહેવા દેતો નથી. જેનામાં લોભ છે એ પાંદડાની જેમ ઊડ્યા કરે છે. એ સ્થિર રહી શકતો નથી.

ભગવાન પોતાના ઐશ્વર્ય દર્શન માટે યશોદાને બ્રહ્માંડનું દર્શન કરાવે છે પરંતુ માતા યશોદાની વત્સલતા,એ ઐશ્વર્યને અવગણી જાય છે. આમ ઐશ્વર્ય પર વાત્સલ્યના વિજયની વાત સાંભળી અવશ્ય આંખ ભીની થઈ જાય. કૃષ્ણના બાળસ્વરૂપની વાતોમાં વારંવાર હસવા અને રડવાની જ વાતો છે. ગુરુમા કહે છે કે ભગવાન એજ બતાવે છે કે સંસારનું સ્વરૂપ આજ છે ‘ હસો અને રડો.’

કૃષ્ણની માખણ ચોરીના પ્રસંગોથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની રહ્યું. યશોદા નામનો સુંદર અર્થ ભાગવત્ માં દર્શાવાયો છે. યશમ્ તદાતિ ઈતિમ્ યદા, યશોદા ભગવાનને પણ યશ પ્રદાન કરે છે.



માખણ મંથનની વાત કરતાં પૂ. ગુરુમા કહે છે અધ્યાત્મ સાધના, મંથનની જ સાધના છે. સતત અંતરમાં મંથન કરવાનું હોય છે. પ્રભુ, ભક્ત પરાધીન છે. જીવોને મુક્ત કરવા સ્વયં ભગવાન બંધનમાં આવે છે. અને ઐશ્વર્ય થી સંપન્ન અને આનંદમય હોવા છતાં વારંવાર રડે છે.

કાન્હાના અનેક સ્વરૂપની વાતો ચિત્તચોરી લે એ રીતે ગુરુમા વર્ણવે છે. વત્સપાલ કાનો, કાલિયા દમન કરતો કનૈયો, ગોપીઓના વસ્ત્ર ચોરતો શ્રીકૃષ્ણ, ગિરીરાજ ગોવર્ધનને ધારણ કરનાર પરમ કૃપાળુ પરમાત્મા...દરેક પ્રસંગમાં સામાન્ય જન જેવું એમનું વર્તન માણસ જાતને તેમની વધુ નજીક ખેંચે છે. કનેકટ કરે છે.

કદમ્બ વૃક્ષ નીચે અધર પર મોરલી ગોઠવી સુંદર મુદ્રામાં પ્રભુ મોરલીના સ્વર છેડે એ ચિત્રાંકન હુબહુ અનુભૂતિ આપનાર બની રહ્યું. કૃષ્ણની આ ભાવસમાધિનું ચિત્ર મનને શાંત કરી નિરાકાર પરમાત્મામાં લીન કરી દે છે. ગાપીઓ એ મોરલીના ભાવની વાત ગોપી ગીતમાં કરી છે. ગોપીઓના વસ્ત્ર ચોરી કરનાર સંદેશ આપે છે કે નદી – સરોવરમાં નિર્વસ્ત્ર સ્નાન ન કરવું જોઈએ. એ વરૂણ દેવતાનું અપમાન છે.

ભાગવત્ માં કૃષ્ણ વૃક્ષનું મહત્વ સમજાવે છે. ફળ-ફુલ-પુષ્પ-છાલ દરેક અંગ અન્ય માટે ત્યાગે છે. જીવનનું સાફલ્ય ત્યાગમાં રહેલું છે.

બ્રહ્માજી અને ઈન્દ્રને ઉચિત જ્ઞાનનો પાઠ ભણાવવાની પ્રભુ શ્રીકૃષ્ણની ચેષ્ટા જ્ઞાની પુરુષની ઝાંખી કરાવે છે. આમ જ્ઞાન, પ્રેમ અને લીલાઓથી ભરપૂર અનેક પ્રસંગો અને વાતોથી મન-હદય તરબતર બનતું રહે છે. આખરે જે ફલિત થાય એ સત્ય એજ કે સર્વત્ર બ્રહ્મ જ છે. બ્રહ્મ જ પરમ સત્ય છે.

સંકલન :- મમતા રાવલ

## બેંકમાં ખાતુ ન હોય તેવા ખેલાડીઓના માતા પિતાના એકાઉન્ટમાં પુરસ્કાર જમા થશે

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર/ગ્રામ્ય ખેલ મહાકુંભ-૨૦૧૯ની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ તથા સ્પેશિયલ ખેલ મહાકુંભ-૨૦૧૯ શારીરિક ક્ષતિગ્રસ્ત, માનસિક ક્ષતિગ્રસ્ત, ડેફ અને અંધ ખેલાડીઓની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ/સ્પર્ધકોને રોકડ પુરસ્કાર ખેલાડીના બેંક એકાઉન્ટમાં જમા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ અમુક ખેલાડીઓના બેંકખાતા ન હોવાને કારણે ખેલાડી દ્વારા રોકડ પુરસ્કારનુ બેંક ખાતાની વિગતવાળુ ફોર્મ ભરેલુ નથી જેથી ઈનામથી વંચિત રહી ગયા છે. ખેલાડીનુ બેંક એકાઉન્ટ ન હોય તો ખેલાડીના પિતા કે માતાના બેંક એકાઉન્ટમાં ઈનામની રકમ મોકલી શકાશે. જે ખેલાડીઓએ ફોર્મ ભર્યા ન હોય અથવા ફોર્મ ભર્યા હોય છતાં હજુ સુધી તેમના બેંક ખાતામાં ઈનામની રકમ જમા ન થઈ હોય તેવા ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, “સી” વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ પથિકાશ્રમ હોટલની બાજુમાં, સે. ૧૧ ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ આવીને તા. ૨૧ ડિસેમ્બર સુધી બેંક એકાઉન્ટની માહિતી આપી જવાની રહેશે. જો બેંક એકાઉન્ટની માહિતી તા. ૨૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી આપવામાં નહિ આવે અને ઈનામથી વંચિત રહેશે તો તે અંગેની જવાબદારી ટીમ/ખેલાડી/સ્પર્ધકની પોતાની રહેશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અંકલ, હુ જનરલી જુઠ્ઠુ બોલતો નથી પરંતુ શિયાળામાં મારે રોજ કહેવું પડે છે કે નાહીને આવ્યો છું...!!

## લક્ષ્ય એક્સ્પોમાં ગુજકોસ્ટ-સાયન્સ સિટીના સ્પેસ એક્ઝિબિશને આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ખાતેના ગુજરાત સાયન્સ એન્ડ



ટેકનોલોજી દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની દેખરેખમાં ઈસરો, બાયસેગ, સાયન્સ સિટી, ધોલેરા સર અને જીઆઈએલની ભાગીદારી સાથે ઊંઝા ખાતે લક્ષ્ય એક્સ્પોમાં અંતરિક્ષ વિજ્ઞાન અને તેની તકનિકને પ્રદર્શિત કરતા પ્રદર્શન સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે જેને બહોળો પ્રતિસાદ મળવા સાથે અત્યાર સુધીમાં આશરે ૩ લાખથી વધુ મુલાકાતીઓ તેની મુલાકાત લઈ ચુક્યાં છે.

ગુજકોસ્ટ અને સાયન્સ સિટીના આ એક્ઝિબીશન સ્ટોલમાં આયોજિત ડૉ. વિક્રમ સારાભાઈ સ્પેસ, સાયન્સ એન્ડ ટેકનોલોજી એક્ઝિબીશનમાં હેન્ડસ ઓન એક્ટિવિટીઝ,



સાયન્ટિફિક મોડલ્સ, થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજી, એઆર ટેકનોલોજી, વી.આર. ટેકનોલોજી અને સાયન્ટિફિક મુવીઝ પ્રદર્શનનું આકર્ષણ બની રહ્યાં છે. આ એક્ઝિબીશનનું ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એસ.ડી. વોરાની સતત દેખરેખ અંતર્ગત પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. સુમીતકુમાર શાસ્ત્રી, આઈટી મેનેજર કૌશિક પટેલ તથા સાયન્સ સિટીના એજ્યુકેશન આસીસ્ટન્ટ પુલ્કેશ પ્રજાપતિ, આસીસ્ટન્ટ મિકેનિકલ એન્જિનીયર પિન્ટુ દાસ, સિનિયર ફિઝીક્સ ક્યુરેટર રાજુ અમલાની વગેરે દ્વારા સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## વાવોલમાં પોલીસની રેડ બુટલેગરના ઘરમાંથી ૪૩ વિદેશી દારૂની બોટલ જપ્ત

વાવોલમાં રહેતા એક બુટલેગરને સે. ૭ પોલીસે ઝડપી લીધો છે. પોલીસને મળેલી બાતમીના આધારે રેડ કરી આરોપીના ઘરેથી વિદેશી દારૂની ૪૩ બોટલોનો જથ્થો જપ્ત કર્યો છે.

વાવોલ ખાતે રહેતાં બુટલેગરને પોલીસે વિદેશી દારૂની ૪૩ નાની બોટલો સાથે દબોચી લીધો છે. સેક્ટર-૭ પોલીસે બાતમીના આધારે વાવોલ ગોહીલવાસમાં રહેતા સંજયસિંહ શંકરસિંહ ગોહીલના ઘરે રેડ કરી હતી. આરોપી તો ઘરે મળ્યો ન હતો પરંતુ તેના ઘરની ઓસરીના ખુણામાં એક થેલામાંથી વિદેશી દારૂની ૩૭૫ એમએલની ૪૩ બોટલો મળી આવી હતી. જેને પગલે પોલીસે ૧૧,૧૬૦ની કિંમતનો દારૂનો જથ્થો ઝપ્ત કર્યો હતો. પોલીસે આરોપીને ઘ-૩ પાસે આવેલા સેક્ટર-૬ના મેદાન ખાતેથી ઝડપી લઈને તેના વિરૂદ્દ પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પીએસઆઈ અને એએસઆઈની પ્રિલીમ પરીક્ષાની બેચ શરૂ થશે

### ફક્ત બ્રહ્મસમાજના યુવક યુવતીઓ માટે વિના મૂલ્યે સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન અપાશે

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સંચાલિત બ્રહ્મ અકાદમી ખાતે ટૂંક સમયમાં પ્રસિધ્ધ થનાર પીએસઆઈ અને એએસઆઈની અંદાજીત ૧૧૦૦થી ૧૨૦૦ જગ્યાઓ માટેની પ્રિલીમ પરીક્ષાની બેચ જાન્યુઆરી ૨૦૨૦માં શરુ થનાર છે. જેમાં સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર તરફથી પરીક્ષાને લગતુ મટિરિયલ વિના મૂલ્યે આપવામાં આવશે. આ સાથે નિયમિત દૈનિક ટેસ્ટ, એસી રિડીંગ લાયબ્રેરી, એસી કલાસરૂમ અને પ્રોજેકટરની સુવિધા સાથે સફળ થયેલ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, માત્ર સમસ્ત બ્રહ્મસમાજના યુવક યુવતીઓને જ અહીં પ્રવેશ આપવામાં આવશે. તથા બહારગામથી આવનાર યુવક વિદ્યાર્થીઓને બ્રહ્મસમાજના બ્રહ્મભવન ખાતે જ રાહત દરે સંસ્થા દ્વારા સગવડ આપવામાં આવશે. સંસ્થાના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા રજીસ્ટ્રેશન માટે સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સોમનાથ મહાદેવ મંદિર સે-૧૬ ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

## રણાસણ પાસે ૧૧ ગાય અને ૨ વાછરડા ભરીને જતા ટ્રક સાથે એક શખ્સની ધરપકડ

ગાંધીનગર તાલુકાના રણાસણ પાસે અગિયાર ગાયો અને બે વાછરડા ભરીને જતા ટ્રકને ડભોડા પોલીસે ઝડપી લીધો છે. પોલીસે ટ્રક સહિતનો મુદ્દામાલ કબજે લઈ ફરાર થયેલા આરોપીઓની તપાસ હાથ ધરી છે. આ દરમિયાન પોલીસના હાથે લાગેલા એક શખ્સની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

ગાંધીનગર તાલુકાના રણાસણ પાસેથી ટ્રકમાં ખીચોખીચ ભરીને લઈ જવાતી ૧૧ ગાયો અને ૨ વાછરડાને બચાવાયા છે. અમદાવાદના પાંચ જેટલા યુવકો ગુરૂવારે સવારે ભાટ ટોલનાકા પાસે બેઠા હતા ત્યારે એપોલો સર્કલ તરફથી એક ટ્રક નીકળ્યો હતો. શંકાના આધારે યુવકોએ ટ્રકનો પીછો કરીને રણાસણ રીંગ રોડ ખાતે ટ્રકને રોક્યો હતો. જેને પગલે એક શખ્સ ભાગી છૂટ્યો હતો અને અન્ય એક શખ્સ ઝડપાઈ ગયો હતો. યુવકોએ ટ્રકમાં તપાસ કરતાં અંદર ૧૧ ગાયો અને ૨ વાછરડા ખીચોખીચ ભરેલા હતા. પશુઓને હલન-ચલન ન કરી શકે તે રીતે બાંધેલા હતા અને નીચે ઘાસચારો કે પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ટ્રક સાથે ઝડપાયેલા ફકરૂદન નથ્થેખાન પઠાણ (૩૫ વર્ષ, રહે-ખેરવા, મહેસાણા) પાસે પશુ ખરીદીનું બીલ, લખાણ કે કોઈ દાખલો મળ્યો ન હતો. જેથી યુવકોએ ૧૦૦ નંબર પર ફોન કરી ડભોડા પોલીસ ટ્રક અને આરોપી સોંપ્યો હતો. ડભોડા પોલીસે જીજે-૦૨-વીવી-૩૮૦૮ નંબરનો ટ્રક સહિતનો મુદ્દામાલ કબ્જે લઈને ઝડપાયેલા આરોપી અને ફરાર થયેલા શખ્સ સહિત બે લોકો સામે પ્રાણીઓની સાચવણી અંગેના અધિનિયમ હેઠળ ગુનો નોધ્યો હતો. ડભોડા પોલીસે ફરાર થઈ ગયેલા શખ્સની ઝડપી લેવા સાથે પશુઓ ક્યાંથી લવાયા હતા અને ક્યાં લઈ જવાતા હતા તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## પ્રેસ સર્કલ નજીક ટ્રકની ટક્કરે પેથાપુરના આધેડનુ કરૂણ મોત

ગાંધીનગર તા ૨૦

પ્રેસ સર્કલ પાસે બાઈક લઈને જતા આધેડને ટ્રક ચાલકે ટક્કર મારતા તેમનુ સારવાર દરમિયાન મોત નિપજયુ છે. આ બનાવ સંદર્ભે સે-૨૧ પોલીસે વધુ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ય માહીતી અનુસાર પેથાપુરના નવા પટેલ વાસમાં રહેતા દશરથભાઈ માધવદાસ પટેલ ઉ વ ૫૬ શુક્વારે બપોરે પોતાનુ બાઈક લઈને નિકળ્યા હતા. આ વેળાએ પ્રેસ સર્કલ પાસે ટ્રક નં જી જે ૦૯- ઝેડ ૭૧૨૦ના ચાલકે બાઈકને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થવા પામી હતી. તેમને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતુ. મુતકના પરિવારમાં પત્ની , પુત્ર,પુત્રવધુ અને બે પૌત્ર છે.

આ દરમિયાન મૃતકના ફોન પર કોઈકે નંબર ડાયલ કરતા તેમના ભત્રીજાને ફોન લાગ્યો હતો. જેણે મૃતકના પુત્રને જાણ કરી હતી. જેના અંતે મૃતકના પુત્ર સંજયકુમાર દશરથભાઈ પટેલની ફરિયાદના આધારે સે-૨૧ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.




## લાયન્સ કલબ દ્વારા નિઃશુલ્ક નેત્ર નેદાન કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા ગાંધીનગર જિલ્લાના મોટા જલૂનદરા ગામ પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક નેત્ર કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૫૩ જેટલા પેશન્ટની તપાસ સથે ૪૯ જેટલા દર્દીનું મોતિયા નિદાન, લગભગ ૧૪૬ લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ તથા ૩૪ દર્દીઓને ઓગણજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેમ્પનું આયોજન લાયન મહેન્દ્રભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડાયરેકટર વિઝન સાથે સંસ્થાના તમામ લાયન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લાયન પ્રમુખ બી.કે. રાજેશ ગૌડા દ્વારા તમામ લાયન સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

## ભાટ સાબરમતી નદીમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગરના ભાટ ગામ પાસે સાબરમત્તી નદીમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. સાબરમતી નદીમાં મૃતદેહ તરતો હોવાની જાણ અડાલજ પોલીસને થતા કોબા ચોકીના જમાદાર અરવિંદભાઈ સ્ટાફના માણસો સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ નદીમાં તરતા મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી દેવામાં આવી હતી. અજાણ્યા મૃતદેહને નદીમાંથી બહાર કાઢ્યા બાદ મૃતકે શરીરે આખી બાયનો લીલા રંગનો શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેરેલ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે અજાણ્યા પુરુષની ઉંમર અંદાજિત ૪૦ થી ૫૦ વર્ષ વચ્ચેની છે. જેના જમણા હાથે કાંડા પર ખોડીયાર માતાજીનુ છુંદણુ છે.અડાલજ પોલીસે મૃતકના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

## પીડિત મહિલાએ પતિ અને પ્રેમિકા સામે પોલીસમાં અરજી કરી

ગાંધીનગર, તા.૨૦

ડભોડા પોલીસ સ્ટેશનના હદમાં એક ગામમાં રહેતા એક આધેડને પર સ્ત્રી સાથે ૨૦ વર્ષથી સંબંધો છે. જેનાથી કંટાળીને આખરે મહિલાએ રાત્રે ૧ વાગ્યે ૧૮૧ની મદદથી પતિને રંગેહાથ ઝડપ્યો હતો. પીડિતાએ ૧૮૧ને જાણ કરી હતી કે, પતિને પરસ્ત્રી સાથે મૈત્રી સંબંધ છે. જેના કારણે ઘરમાં વારંવાર ઝઘડા થાય છે અને પતિએ મોટાભાગની જમીન વેચી દીધી છે. મારે બે મોટા પુત્રો અને પરણિત પુત્રી છે. આટલી મોટી ઉંમરે મારે શું કરવું તે મને સમજાતું નથી.’ જેથી મહિલાની વાત સાંભળીને ૧૮૧ની ટીમ કાઉન્સેલર દીપિકા ચૌહાણ, કોન્સ્ટેબલ કાજલ પંચાલ અને પાઈલોટ ફતેસિંહ પીડિત મહિલા સાથે બીજી સ્ત્રીના ઘરે પહોંચી ગયા હતા. દરવાજો ખખડાવતા અંદરથી એક મહિલા નીકળી હતી. ૧૮૧ની ટીમ તપાસ કરતાં અંદર પીડિતાનો પતિ સૂતેલો મળી આવ્યો હતો. જેથી બંનેને ડભોડા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જ્યાં બાથરૂમનું બહાનું કરીને બંને ભાગ્યા હતા જો કે, ૧૦૮ની ટીમ અને પીડિતાના પુત્રોએ પિતાને પકડી લીધા હતા. આધેડ મરવાની ધમકીઓ આપતા તેમને ફરી ડભોડા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા.

ત્રણ બાળકોના પિતા એવા આધેડ સાથે મૈત્રી સંબંધો રાખનારી મહિલા પણ પાંચ બાળકોની માતા છે. તેના આડા સંબંધો અંગે તેના પતિ-બાળકોને પણ જાણ છે. બંને વચ્ચે છેલ્લા ૨૦ વર્ષથી સંબંધો છે. તમામ હકીકતોને પગલે પીડિત મહિલાએ પતિ અને પતિની પ્રેમિકા સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.

## ખેલ મહાકુંભમાં વિજેતા થયેલ ખેલાડી અને ટીમ જોગ

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ- ૨૦૧૯માં વિવિધ રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલા ખેલાડી-સ્પર્ધકોને રોકડ પુરસ્કાર આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેર/ગ્રામ્યની ખેલ મહાકુંભ-૨૦૧૯ની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પે-ખેલમહાકુંભ – ૨૦૧૯ શારીરિક ક્ષતિગ્રસ્ત, માનસિક ક્ષતિગ્રસ્ત, ડેફ અને અંધ ખેલાડીઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ, દ્વિતીય અને તતૃીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ/સ્પર્ધકોને રોકડ પુરસ્કાર ખેલાડીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ અમુક ખેલાડીઓના બેંક એકાઉન્ટ ન હોવાના કારણે ખેલાડી દ્વારા રોકડ પુરસ્કારનું બેંક ખાતાની વિગત વાળું ફોર્મ ભરેલ નથી. જેથી ઈનામથી વંચિત રહી ગયા છે. ખેલાડીનું બેંક એકાઉન્ટ ન હોય તો ખેલાડીના પિતા અથવા માતાના બેંક એકાઉન્ટમાં ઈનામની રકમ મોકલી શકાશે. જે ખેલાડીઓએ ઈનામના ફોર્મ ભરેલ ના હોય અથવા ફોર્મ ભરેલ હોય છતાં હજુ સુધી તેમના બેંક ખાતામાં ઈનામની રકમ જમા ન થઈ હોય તેવા ખેલાડીઓએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરીના કામકાજના દિવસના રોજ કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવીને તા. ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૯ સુધી બેંક એકાઉન્ટની માહિતી આપી જવાની રહેશે. જો આપના દ્વારા બેંક એકાઉન્ટની માહિતી સમય મર્યાદામાં આપવામાં નહિ આવે અને ઈનામથી વંચિત રહેશો તો તે અંગેની જવાબદારી ટીમ, ખેલાડી કે સ્પર્ધકની પોતાની રહેશે, તેવું પણ જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લાના પેન્શનરો જોગ

ગાંધીનગર, તા.૨૦

પેન્શન ચુકવણા કચેરી, ગાંધીનગર દ્વારા પેન્શન મેળવતા પેન્શનરોને જણાવવામાં આવ્યું છે કે, જે પણ પેન્શનરોની આવક કરપાત્ર થતી હોય તેવા પેન્શનરોએ પોતાના ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૧૯-૨૦ દરમિયાન કરાનારા રોકાણોની નકલો તેમજ પાનકાર્ડની ઝેરોક્ષ નકલ પર પોતાનો પી.પી.ઓ.નંબર, બેંકનું નામ, શાખા તેમજ બેંક એકાઉન્ટ નંબર સાથે તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૯ સુધીમાં પેન્શન ચુકવણા કચેરી, ગાંધીનગરને મોકલવાની રહેશે. જો નિર્ધારીત સમયમાં પેન્શનરો આ કચેરીમાં રોકણ અંગેના પુરાવા જમા નહી કરાવે તો તેમના પેન્શનમાંથી આવકવેરાના નિયમો અન્વયે નાણાંકીય વર્ષ- ૨૦૧૯-૨૦ માટેના ઈન્કમટેક્ષના સ્લેબ મુજબ આવકવેરાની ગણત્રી કરીને આવકવેરાની કપાત કરી લેવામાં આવશે.